જનસંપર્ક અધીકારી દ્વારા

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦




**HAPPY DIWALI**

તા.૨૩/૧૦/૨૦૧૪ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૨ બિયર ટીન અને ૨ ઓટોરિક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૨/૧૪**

**સેટેલાઈટઃ** લલીતભાઈ રતીલાલ દોશી (રહે.સિલ્વર લીફ એપાર્ટમેન્ટ નહેરૂનગર સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાથી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, સિક્કા અને રોકડ રૂપિયા મળી રૂપિયા ૧,૯૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ બી પટણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૩/૧૪**

**એલીસબ્રીજઃ** અનિલ કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૨૮) (રહે જુના સ્લમ ક્વાર્ટર્સ ખોખરા) એ તા.૨૨/૧૦/૧૪ સવારના ૮/૫૫ વાગ્યા પહેલાના સમયગાળા દરમ્યાન કોઇ અગમ્ય કારણસર જમાલપુર બ્રીજ નીચે ફુલ બજાર પાસે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શિવકુમાર છગાલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.